

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હિંમતથી કહી દો ‘વાત’, મનમાં રહી ન જાય !*
*તમારા દિલની વાત બીજું કોઈ કહી ન જાય !*
*વહી જશે પળ પછી કરમાઈ જશે જિંદગી -*
*રહે હાથમાં ગુલાબ ને જુલાઈ થઈ ન જાય !!*
*(હેપ્પી વેલેન્ટાઈન સૌ પ્રેમીજનોને)*

હાઈકુ

*સમજે ન જે*
*અભિવ્યક્તિ આંખની -*
*આપો ગુલાબ !!*

*રસ ન એને -*
*હૃદયમાં ગુલાબમાં -*
*ખપે છે ભેટ !!*

### ચિંતન

**કો ધર્મો ભૂતદયા કિં સૌખ્યમરોગિતા જગતિ ।**
**કઃ સ્નેહઃ સદ્‌ભાવઃ કિં પાણ્ડિત્યં પરિચ્છેદઃ ॥**

**ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**સાચો ધર્મ કયો ?? પ્રાણી માત્ર ઉપર દયા રાખવી તે. જગતમાં સાચું સુખ કયું ? નિરોગી હોવું તે. સાચો સ્નેહ કયો ? સદ્‌ભાવ રાખવો તે. સાચી વિદ્વતા કઈ ? યોગ્ય અયોગ્યનો વિચાર કરવો તે.**

**સંસાર - વિશ્વના દરેક જીવ પર પ્રેમ-દયા રાખવી એ જ સાચો ધર્મ છે. શરીર સ્વાસ્થ્યનું સભાનપણે સાચવણ રાખવી અને નિરોગી સ્વસ્થ જીવન જીવનું એ જ સાચું સુખ છે. સર્વ જીવ સ્નેહી હોય દુશ્મન દરેક પ્રત્યે સમભાવ રાખવો જોઈએ. જીવનમાં વિવેકપૂર્ણ નિર્ણય કરવો. સાચું-ખોટું શું છે એ સમજવામાં જ બુદ્ધિ વિદ્વતા છે.**

### સુવિચાર

- કિસી કે સાત ગલત કરકે, અપની બારી કા ઈંતજાર જરૂર કરના - **નિલોફર**
- વર્તમાનમાં પીડા તથા આપણી ભૂલો ભવિષ્યમાં આપણા અનુભવ બને છે - **ફાધર વાલેસ**
- મૌન વડે તમે તમારા ભીતરમાં પ્રવેશી તમારા માંના ઈશ્વરને જાગૃત કરી જુઓ. પછી તમારી સફર આનંદમાં હશે તે જોજો - **સંત રોબિન**
- તમે તમારાં આત્મગૌરવ બાબતે વધારે પડતી ચિંતા ન કરો, ચિંતા કરવી જ હોય તો તમારા ચારિત્ર્ય વિશે કરો, તમારી અખંડિતતા જ તમારું ઈનામ છે - **નેપોલિયન હિલ**
- દરેક સમસ્યામાં જ તેના ઉકેલનાં બીજ રહેલ હોય છે, જો તમને સમસ્યા જ ન હોય તો, તમને બીજ મળવાનાં નથી - **અમૃતબિંદુ**
- અજ્ઞાની હોવું ખરાબ નથી, પણ તેને આધારે કેરિયર બનાવવી મૂર્ખતા છે, મૂર્ખ લોકો પાસે એક વિચિત્ર આત્મવિશ્વાસ હોય છે જે માત્ર અજ્ઞાનમાંથી આવતો હોય છે - **શિવખેરા**
- આજનું ઔષધ : સવાર-સાંજ ખાલી પેટે એક ચમચી ગુલકંદનું સેવન કરવાથી બહેનોને માસિક નિયમિત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સહજાનંદના વખતનાં સ્વામીની પધરામણી થવાની હતી. તેમના દર્શન કરવાની ગામની સ્ત્રીઓની ખૂબ ઈચ્છા હતી. પરંતુ ગામની મર્યાદા પ્રમાણે સ્વામિની દર્શન થાય નહીં. ગામના મુખી એ એક વચ્ચેનો રસ્તો કાઢ્યો. જે જગ્યાએ સ્વામીજી બેસવાના હતા. તેની સામે એક ગાર માટીની ચણેલી ભીત હતી. એમાં એક કાણું પાડવું. જેથી ગામની બહેનો સ્વામીજીના દર્શન કરી શકે.

સ્વામીજી આવ્યા. અને બાકોરમાંથી તેમના દર્શન કરવા સ્ત્રીઓની ભીડ વધી. અને બાકોરમાંથી તેમના દર્શન કરવા સ્ત્રીઓની ભીડ વધી. અંદરોઅંદર ધક્કામુક્કી થઈ અને ગાર માટીની દિવાલ ઘરાશાઈ થઈ ગઈ. બધાં સ્વામીજીની સામે આવી ગયા.

સ્વામીજીથી હસવું ન રોકી શકાયું એમને કહ્યું, ‘બહેનો, દીકરીઓ, માતાઓ, કોઈએ મોં છુપાવવાની જરૂર નથી, તમને હવે સ્પષ્ટ દર્શન થયા ને ? દીવાલ તૂટી એટલે સ્પષ્ટ દર્શન થયા. એવી જ રીતે અહંકાર, મમતા અને માયાની દિવાલ તૂટે તો તમને પ્રભુના અખંડ દર્શન થાય.’

તરણા જેવા શરીરમાં ડુંગર જેવો મહાન આત્મા રહેલો છે. પરંતુ બધા જ શરીરને જોયા કરે છે. આત્મા એ આપણો નીકટતમ સાથી છે. પરંતુ એનાથી આપણે હજારો ગાઉ દૂર જતા રહીએ છીએ. એને લાગેલા આવરણો દૂર થાય તો આત્માને પરમાત્મા બનતા સમય નથી લાગતો.

# વેલેન્ટાઈન ડે : પ્રેમની શાશ્વતીનું પર્વ

**તંત્રીસ્થાનેથી...**

કબીર કહી ગયા છે : ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોય. આ અઢી અક્ષરના શબ્દમાં બ્રહ્માંડનું શાશ્વત સત્ય સમાયેલું છે. ‘વેલેન્ટાઈન ડે’ એ આવા જ શાશ્વત પ્રેમનો પુરસ્કાર કરતું પર્વ છે. જે સંતપુરુષે પ્રેમીજનોના સમર્થન બદલ શહીદી વહોરી હતી એનું નામ આ વિશિષ્ટ દિવસ સાથે સાંકળવામાં વાંધો ન હોવો જોઈએ. આખરે તો એમણે પોતાના સ્વાર્થને બલકે જીવનને સુધ્ધાં અળગાં કરી પ્રેમના આરાધકો માટે બલિદાન આપ્યું હતું. ભારતીય સંદર્ભમાં પ્રેમની પરાકાષ્ઠા શ્રીકૃષ્ણ અને રાધાજીના પાવન ચરિત્રમાં જોવા મળે છે જેમાં પ્રેમ એની ચરમ-પરમ દિવ્યતા સાથે પ્રગટે છે. વૃંદાવનનાં વૃક્ષો આજે પણ એવી સાહેદી પૂરે છે, વિશ્વાસ બેસે કે ન બેસે, પણ નિધુવનમાં રાધાકૃષ્ણની રાસલીલા આજે પણ એ જ તન્મયતાથી રમાતી રહે છે. જયદેવનાં ‘ગીત ગોવિંદ’ને વિશ્વના શ્રેષ્ઠ પ્રેમકાવ્યની પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. સાહિત્યમાંથી રાધા અને કૃષ્ણના પાત્રો બકાત કરવામાં આવે તો શું બચે તે પ્રશ્ન જ છે. પ્રેમ એ જ ઈશ્વર છે. મહાત્મા ગાંધીએ સત્ય અને અહિંસાના પાયા પર વિશ્વ પ્રેમની જ ઈમારત ચણી હતી. બર્ટ્રાન્ડ રસેલ જેવી વીસમી સદીના બહુઆયામી પ્રતિભાએ જિંદગીના ચાલકબળ તરીકે પ્રેમ તત્વનો જ પુરસ્કાર કર્યો છે. સંત શિરોમણિ મોરારિબાપુ પણ સતત સત્ય-પ્રેમ-કરુણાનું જ મંત્રગાન કરતા રહે છે. રામકથા એમને મન વિશ્વની શાશ્વત પ્રેમકથા જ છે. આસારામ બાપુ સહિત ઘણા લોકો વેલેન્ટાઈન ડેના બદલે માતૃપિતૃ વંદના ઉજવવાની સલાહ આપતા રહ્યા છે. પ્રેમના અનેક આયામ છે જેમાં માતા પિતાના વાત્સલ્યને એક આગવા ખાનામાં મૂકવું જ રહ્યું. પરંતુ આપણો જન્મ માતાપિતા વચ્ચેના સ્ત્રી-પુરુષના પ્રણયનો જ આવિષ્કાર છે તે ન ભૂલીએ.

આપણે સૃષ્ટિના કુદરતી નિયમોને માત્ર આપણી કહેવાતી આધ્યાત્મિક દૃષ્ટિએ જ મૂલવતા રહીએ તે સદંતર પ્રેમ તત્વને અન્યાય થયો લેખાશે. ભાઈબહેન વચ્ચેનો પ્રેમ પણ અનવદ્ય છે, એની સરખામણી પતિ પત્ની કે બે પ્રેમીઓ વચ્ચેના પ્રેમ સાથે કરવી તે બેઉનું અપમાન ગણાય. વેલેન્ટાઈન ડેનો પોજિટિવ મેસેજ બે યુવાન હૈયાંની ઝાકમઝોળનો પુરસ્કાર કરે છે. જો આવો પ્રેમ જગતભરના યુગલો વચ્ચે પ્રગટે તો દુનિયા આખી પ્રેમમય બની રહેશે. એ સંદર્ભે આજે ઉજવાતા આ વૈશ્વિક પ્રેમ પર્વને નકારવા કરતાં એમાં છુપાયેલા હાર્દને પુરસ્કારવામાં જ શ્રેય લેખાશે. જગતભર પ્રેમ સાગરમાં પ્લાવિત બનો, હૈયે હૈયે પ્રેમની ફૂલવાડી પ્રગટો એવી શુભેચ્છા સાથે પોતપોતાના વેલેન્ટાઈનને ગુલાબ આપવા અધીરાં બનેલા યુવક યુવતીઓને બેસ્ટ ઓફ લક! મૈથિલશરણ ગુપ્તની ભાષામાં કહીએ તો પતંગિયું દીવાની જયોત પાછળ ફના થવા ઉત્સુક હોય છે એમાં પણ પ્રેમ ખાતર શહાદત વહોરવાની જ ઉત્કંઠા વરતાય છે-

દોનોં ઓર પ્રેમ પલતા હૈ.

# યુદ્ધને લગતી પ્રામાણિક માહિતી ઋગ્વેદમાંથી મળે છે

## વેદકાલીન મહાસંગ્રામ

**ગ્રંથ ‘અમર વારસો’નું લોકાર્પણ**
**તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦**
**રવિવાર, સાંજે ૪ વાગ્યે**
**સ્થળ : ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ રિસર્ચ એજ્યુકેશન, સેકટર-૧૫**





**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

સમગ્ર વિશ્વના ઈતિહાસની આ વિલક્ષણ ઘટના છે. રામાયણ - મહાભારતમાં વર્ણિત મહાયુદ્ધો જાણીતા છે. પરંતુ એનાથી પણ પૂર્વનું આ મહાયુદ્ધ ઓછું જાણીતું છે.

ઈ.સ. પૂર્વે ૬૦૦૦ થી ૫૦૦૦ વર્ષના સમયમાં આ મહાસંગ્રામ થયો હતો. ઋગ્વેદના સમયની જાતિઓ અને એની પ્રસિદ્ધ વ્યક્તિઓનો આમાં સમાવેશ હતો. આ યુદ્ધ અનેક વર્ષો સુધી ચાલ્યું. આ યુદ્ધની રણભૂમિ પરુષ્ણી નદીથી છેક યમુના નદી સુધીની હતી. પરુષ્ણી એ લાહોર પાસેથી વહેતી રાવી નદી છે. આ યુદ્ધમાં વિપુલ પ્રમાણમાં જાનહાનિ થઈ. એટલી જ સંપત્તિની હાનિ થઈ. યુદ્ધને લગતી પ્રામાણિક માહિતી ઋગ્વેદમાંથી જ મળે છે. કારણ કે એમાં વસિષ્ઠે રચેલા ત્રણ યુદ્ધ સૂક્તો છે. વરિષ્ઠે આમાં પ્રત્યક્ષ ભાગ લીધેલો.

આર્યોની એક પ્રજાતિ ભરતો છે. આ યુદ્ધને અંતે તેઓ જે પ્રદેશમાં સ્થિર થયા, એ ભારત વર્ષ તરીકે ઓળખાયો. આ પ્રજા યજ્ઞપ્રિય હતી. આથી યજ્ઞના અગ્નીનું નામ ભારતી પડ્યું. ભરતોના અધિપતિ રાજા સુદાસને દશ રાજાઓ સાથે આ યુદ્ધ થયું. આથી આ દાશરાજ્ઞ યુદ્ધ તરીકે જાણીતું થયું.

આ યુદ્ધની નોંધપાત્ર વિગતો આ પ્રમાણે છે :

આર્યોનો એક જનમસૂહ બલ્ખ પ્રદેશમાંથી નીકળ્યો અને ત્યાંથી આવીન સપ્તસિન્ધુના પ્રદેશમાં સ્થિર થયો. આ વિસ્તારમાં અફઘાનિસ્તાનથી શરૂ કરીને પંજાબ સુધીનો પ્રદેશ હતો. અહીંથી ઈશાન ખૂણે તુત્સુ નામે આર્યજાતિ હતી.

ત્યાર પછી બીજે આર્યસમૂહ ભરતોનો પ્રવેશ્યો. તેઓ, સરસ્વતી નદીને કાંઠે સ્થિર થયા. આ નદી હરિયાણા - પંજાબ પાસેથી વહેતી સરસુતી હતી. તેનો નેતા સુદાન હતો.

સુદાસ પાસે પુરોહિત તરીકે વિશ્વામિત્ર હતા. ભરતોને તૃત્સુઓ સાથે સારા સંબંધો હતા. તેઓ પાસે પુરોહિત તરીકે વસિષ્ઠ હતા. સુદાસને ખબર પડી કે વસિષ્ઠ વિશ્વામિત્રથી ચડિયાતા છે. એટલે એણે વિશ્વામિત્રને પદભ્રષ્ટ કરીને, વસિષ્ઠને એને સ્થાને મૂક્યા.

સુદાસની નીતિ રાજય વિસ્તારની હતી. આથી કેટલાક સ્થાનિક રાજાઓને તે પસંદ ન હતો. વિશ્વામિત્રને સુદાસ સાથે વૈર હતું. એણે આવા દસ અસંતુષ્ટ રાજાઓને મહા સંઘ રચ્યો. સુદાસ ઉપર સીધું આક્રમણ કર્યું. ભરતો અને તૃત્સુઓ સાથે હતા, તો પણ જીતે એમ ન હતા. વસિષ્ઠે ઈન્દ્રને મદદ માટે વિનંતી કરી. ઈન્દ્ર તો મદદે આવ્યા જ, પરંતુ માતા પૃષ્નિની આજ્ઞાથી મરુતો પણ દોડતે અશ્વે આવી ગયા.

હવે વિજયની બાજી પલટાઈ ગઈ. શત્રુઓ નદી પાર કરવા ઊતર્યા, એટલે પરુષ્ણી નદીનો પ્રવાહ વધારી દીધો. નદીમાં પૂર આવવાથી કેટલાય શત્રુઓ તણાઈ ગયા. શત્રુઓએ પૂરને હળવું કરવા, ખાઈઓ ખોદી; પરંતુ તેઓ ન ફાવ્યા, ઈન્દ્રે શત્રુના કિલ્લાઓ, નગરીઓ અને મોટી સાત દિવાલો તોડી પાડી. કાશ્મિર પાસેથી વિકર્ણ જાતિ હતી, એનાં ૨૧ સેના સમૂહોને મારી નાખ્યા. ઉપરાંત ૬૬૦૬૬ સૈનિકો હણાઈ ગયા. સુદાસનો વિજય થયો.

વિજયી સુદાસ આગળ વધ્યો. યમુનાને કિનારે બીજે મોરચો ખૂલ્યો. અહીં પણ એને વિજય મળ્યો. શત્રુઓએ અશ્વો ભેટમાં મોકલીને, સમાધાન કરી લીધું.

હવે સુદાનનો સર્વાંશે વિજય થયો.

પ્રાચીન ભારતના રાજનૈતિક ઈતિહાસમાં આ યુદ્ધ મહત્ત્વનું છે.

# કયા એક માત્ર વાઈસરોયની હત્યા ભારતમાં થઈ હતી ?



**ખજાનો**

અનિલ પટેલ

## સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ

૧ ઝંડા સત્યાગ્રહ આંદોલન દરમિયાન કયા શહેરની કૂચ વખતે પ્રચલિત બન્યો ?
(અ) નાગપુર (બ) દિલ્હી
(ક) મુંબઈ (ડ) પુના

૨ ૧૮૫૭ના સંગ્રામમાં દીવાન મનીરામ દત્ત કયાંનું નેતૃત્વ કરતા હતા ?
(અ) બિહાર (બ) આસામ
(ક) બંગાળ (ડ) મિઝોરમ

૩ ‘ભારત છોડો’ આંદોલન દરમિયાન કોણે બલિયામાં સમાંતર સરકારની સ્થાપના કરી હતી ?
(અ) બટુકેશ્વર દત્ત (બ) મનીરામ દત્ત
(ક) ચિત્તરંજન દાસ (ડ) ચિતૂ પાંડેય

૪ વ્યકિતગત સત્યાગ્રહ આંદોલનનો પ્રારંભ કયા સ્થળેથી શરૂ થયો ?
(અ) ચંપારણ (બ) બારડોલી
(ક) પવનાર (ડ) ખેડા

૫ કલકત્તામાં વેદાન્ત કોલેજની સ્થાપના કોણે કરી હતી ?
(અ) રાજારામ મોહનરાય (બ) સુરેન્દ્રનાથ
(ક) રવિન્દ્રનાથ ટાગોર (ડ) બંકીમચંદ્ર

૬ કયા એક માત્ર વાઈસરોયની હત્યા ભારતમાં થઈ હતી ?
(અ) લોર્ડ કર્ઝન (બ) લોર્ડ વેલેસ્લી
(ક) લોર્ડ રીપન (ડ) લોર્ડ મેયો

૭ અખિલ ભારતીય કિસાન સભાની સ્થાપના કયાં કરવામાં આવી હતી ?
(અ) લખનૌ (બ) રાવલપીંડી
(ક) દિલ્હી (ડ) કાનપુર

૮ દાંડી કૂચ વખતે ભારતના વાઈસરોય કોણ હતા ?
(અ) વેલેસ્લી (બ) ઈરવીન
(ક) માઉન્ટ બેટન (ડ) ડેલહાઉસી

૯ ‘ભવાની મંદિર’ પત્રિકાના સંપાદક કોણ હતા ?
(અ) બાળગંગાધર તિલક (બ) અરવિંદ ઘોષ
(ક) વિનોબા ભાવે (ડ) રાજારામ મોહનરાય

૧૦ ક્રાંતિકારી સંગઠન ‘ભારતીય ગણતંત્ર સેના’ના સંસ્થાપક કોણ હતા ?
(અ) ભગતસિંહ (બ) સુખરામ બોઝ
(ક) સૂર્યસેન (ડ) સુભાષચંદ્ર બોઝ

૧૧ ઈ.સ. ૧૯૦૨માં અમદાવાદમાં યોજાયેલ રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ સ્થાને કોણ હતું ?
(અ) નહેરૂ (બ) ગાંધીજી
(ક) વલ્લભભાઈ પટેલ (ડ) સુરેન્દ્રનાથ બેનરજી

૧૨ ‘ભારત ભારતીયો માટે’નો નારો કોણે આપ્યો હતો ?
(અ) હિન્દુ મહાસભા (બ) આર્ય સમાજ
(ક) આઝાદ હિન્દ ફોજ (ડ) કોંગ્રેસ

૧૩ પ્રથમ ગોળમેજી પરિષદ કયાં ભરાઈ હતી ?
(અ) લંડન (બ) દિલ્હી
(ક) ઈસ્લામાબાદ (ડ) બ્રિસ્ટન

૧૪ ભારતમાં સતી પ્રથાને સમાપ્ત કરનાર ગર્વનર જનરલ કોણ હતો ?
(અ) લોર્ડ વેલેસ્લી (બ) લોર્ડ વિલીયમ બેન્ટીક
(ક) લોર્ડ કેનિંગ (ડ) લોર્ડ કર્ઝન

૧૫ કેરલના માલાબારમાં મોખલા વિદ્રોહ કયારે થયો હતો ?
(અ) ઈ.સ. ૧૯૧૭ (બ) ઈ.સ. ૧૯૨૦
(ક) ઈ.સ. ૧૯૨૧ (ડ) ઈ.સ. ૧૯૨૩

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૪ ફેબ્રુઆરી : વેલેન્ટાઈન ડે**
  - હવાઈ ટાપુઓના શોધક દરિયા ખેડૂ ઈંગ્લેન્ડના જેમ્સ કૂકનું નિધન (૧૭૧૯)
  - પૂર્વ વિદેશ મંત્રી સ્વ. સુષ્મા સ્વરાજનો જન્મદિવસ (૧૯૫૨)
  - અભિનેત્રી મધુબાલાની જન્મજયંતી (૧૯૩૩)
  - અર્થશાસ્ત્રી યોગેન્દ્ર કે. અલઘનો જન્મદિવસ (૧૯૩૯)
- **૧૫ ફેબ્રુઆરી :**
  - સમાજસેવી કથાકાર પૂજય ડોંગરેજી મહારાજની જન્મજયંતી (૧૯૨૬)
  - ઈરાક પર અમેરીકાના હુમલાના વિરોધમાં દુનિયાના ૬૦૦ શહેરોમાં વિરોધ પ્રદર્શન થયા (૨૦૦૩)
  - અમેરીકાના સુસાન એન્થનીની જન્મજયંતી (૧૮૨૦)
  - ઈસરોએ એક સાથે ૧૦૪ સેટેલાઈટ છોડી વિક્રમ સ્થાપ્યો
- **૧૬ ફેબ્રુઆરી :**
  - પ્રખર શિક્ષણશાસ્ત્રી ડૉ. રઘુનાથ પરાંજપેનો જન્મદિવસ (૧૮૭૬)
  - પુષ્કર ચંદરવારકરની જન્મજયંતી (૧૯૨૨)
  - ગ્લોબલ વોર્મિંગ ઘટાડવા યુ.એન.ના સભ્ય દેશોએ કપોટો પ્રોટોકોલ સ્વીકાર કર્યો (૧૯૭૭)
  - ગુલામ મોહમદ શેખની જન્મજયંતી (૧૯૩૭)
- **૧૭ ફેબ્રુઆરી :**
  - ભારતીય દાર્શનીક જે. કૃષ્ણમૂર્તિનું નિધન (૧૯૮૬)
  - લોકોએ પાંચ લાખ રૂપિયા આપી જલિયાવાલા બાગ ખરીદી લીધો (૧૯૨૦)
  - ૧૮૦ લાખ ટન દૂધ ઉત્પાદન કરી ભારત દુનિયામાં પ્રથમ નંબરે આવ્યું (૧૯૯૯)
  - અમેરિકન મોડેલ એકટ્રેસ અને સિંગર પેરિસ હિલ્ટનનો જન્મ (૧૯૮૧)
- **૧૮ ફેબ્રુઆરી :**
  - વિશ્વની પ્રથમ ટપાલ લઈને વિમાન બામરોલીથી ભારતના નૈનિતાલ પહોંચ્યું. (૧૯૧૧)
  - પાડોશી દેશ નેપાળનો સ્વતંત્રતા દિવસ (૧૯૫૯)
  - બોલીવુડ પ્લેબેક સિંગર પાર્થિવ ગોહીલનો જન્મદિવસ (૧૯૭૬)
  - ભારતીય મૂળના બિઝનેશમેન સ્વરાજ પોલનો જન્મદિવસ (૧૯૩૧)
- **૧૯ ફેબ્રુઆરી :**
  - ‘મહારાષ્ટ્રનું રત્ન’ ગોપાલ કૃષ્ણ ગોખલેનું નિધન (૧૯૧૫)
  - મહાન વિચારક અને લોકનાયક આચાર્ય નરેન્દ્ર દવેનું નિધન (૧૯૫૬)
  - રંગભૂમિ-બોલીવુડમાં આગવું સ્થાન ધરાવનાર પરેશ ગણાત્રાનો જન્મદિવસ (૧૯૭૩)
- **૨૦ ફેબ્રુઆરી :**
  - ગુલામી વિરૂધ્ધ લડાઈ લડનાર ફેડરિક ડગ્લાસનું નિધન (૧૮૯૫)
  - કયુબામાં ક્રાંતિની શરૂઆત થઈ (૧૮૯૫)
  - સમર્થ રોમેન્ટીક અંગ્રેજ કવિ જહોન કિટસની પુણ્યતિથી (૧૮૨૧)
  - અમેરીકન સિંગર રોબિન રિહન્ન ફેન્ટીનો જન્મદિવસ (૧૯૮૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કિરણ બેદી કયા રાજયના ગવર્નર છે? જવાબ : પાંડીચેરી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ જાદવ, ગૂજરાત વિદ્યાપીઠ (૨) ઋજિત રાવલ, ૧૨૨૨/૨, સે-૭-ડી (૩) નટુભાઈ દરજી-પેથાપુર (૪) હાર્દિક ભટ્ટ, સે-૨૪ (૫) પંકજ એસ. પટેલ-રાજધાની સો. ન્યુ ગાંધીનગર, (૬) મૂળજીભાઈ પરમાર ‘દધિ’, સે-૬ (૭) શિવાંગ બી. પટેલ-શુકન સ્કાય સરગાસણ (૮) હિરલ વાટીયા, સે-૨૪ (૯) ઈન્દ્રસિંહ રાઓલ, સે-૧૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**દિલ્હી ભાજપ અધ્યક્ષ મનોજ તિવારી કઈ ભાષાના ગાયક કલાકાર છે ?**

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# પ્રેમ એ જીવનની સૌથી મોટી તાજગી છે

## વેલેન્ટડાઈન ડેની દુનિયાભરમાં વિવિધ પ્રકારે ઉજવણી થાય છે

**પ્રસંગસર**

જીગર બારોટ

“હૃદયનો અવાજ ધીમે-ધીમે મગજ સુધી પહોંચી જાય, આંખો પણ સમજવા લાગે અને આ ત્રણેય વસ્તુઓ એક જ જગ્યાએ કેન્દ્રિત થાય ત્યારે પ્રેમની શરૂઆત થાય છે.’’

દેશ અને વિદેશમાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસને વેલેન્ટાઈન ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પ્રેમી તથા સ્વજનો એક-બીજાને ફુલ ભેટ-સોગાદો ઈત્યાદિ આપીને પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે. આ દિવસ ના ઈતિહાસ ઉપર એક નજર નાંખીયે તો.........

ત્રીજી સદીમાં રોમમાં એક કલોડીયસ નામનો રાજા થઈ ગયો, જેનું એવુ માનવું હતુ કે લગ્ન કરવાથી પુરૂષની શક્તિ અને બુધ્ધિ ખતમ થઈ જાય છે. આવી માન્યતા સાથે તેણે તેના રાજયમાં એવું વિચિત્ર ફરમાન જાહેર કર્યુ કે રાજયમાં કોઈ પણ સૈનિક કે અધિકારી લગ્ન કરી શકે નહી, પરંતુ આ જ રાજ્યમાં રહેતા એક સંત કે જેમનુ નામ વેલેન્ટાઈન હતું, તેમને આ વાત ખુબ જ ખૂંચી. તેથી તેમણે રાજ્યના લોકોને આ ફરમાન ન માનવા અને લગ્ન કરવા માટે ખુબ જ પ્રેરણા આપી. જેના ભાગરૂપે તેમણે રાજ્યના ઘણા સૈનિકોના લગ્ન કરાવ્યા. આ વાતની જાણ રાજાને થતા સંત વેલેન્ટાઈનને બંદી બનાવી જેલમાં ધકેલી દેવાયા હતા. આ જ જેલમાં એક જેલર ફરજ બજાવતા હતાં જેમની દીકરી અંધ હતી. સંત વેલેન્ટાઈને જેલરના કહેવાથી ભગવાનને પ્રાર્થના કરી આ અંધ છોકરીને જોતી કરી દીધી. આ છોકરી જ્યારે દેખતી થઈ ગઈ ત્યારે તે જેલમાં સંત વલેન્ટાઈનને મળવા ગઈ અને તેને તેમની સાથે પ્રેમ થઈ ગયો. આ વાત ની રાજા ને જાણ થતા તેમણે લગ્ન કરવાની ના પાડી. પરંતુ સંત વેલેન્ટાઈન માન્યા નહી, તેથી રાજા ક્લોડીયસે સંત વલેન્ટાઈનને ફાંસીની સજા સંભળાવી. ત્યાર બાદ સંત વેલેન્ટાઈને તેમની પ્રેમીકાને એક પત્ર લખ્યો અને નીચે લખ્યું...... “From your Valentine” રાજાએ ૧૪ ફેબ્રુઆરીના રોજ સંત વેલેન્ટાઈનને ફાંસી આપી દીધી તેથી તેમની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ભારતમાં ૧૪ જાન્યુઆરીના રોજ પતંગના પેચ લડાવે છે અને ૧૪ ફેબ્રુઆરીના રોજ પ્રેમના પેચ લગાડવામાં આવે છે. દુનિયાભરના દેશ આ દિવસને વિવિધ રીતે ઉજવે છે.

જાપાન : છોકરી છોકરા ને ગિરી-ચોકો, હોન્મેઈ – ચોકોસ જેવી ચોકલેટો આપી ઉજવણી કરે છે.

ચીન : ભેટ-સોગાદોનુ



આદાન-પ્રદાન કરીને, મૂવી જોઈને તહેવાર મનાવે છે.

ફ્રાંસ : એવું માનવામાં આવે છે કે સૌ પ્રથમ વખત વેલેન્ટાઈન ડે કાર્ડ ની શરૂઆત ફ્રાંસમાં થઈ હતી. અહીયાં વલેન્ટાઈન ડેની ઉજવણી ગુલાબ થી શણગારેલા ઘરો, ઝાડ અને યાડ્ર્સથી કરવામાં આવે છે.

દક્ષિણ કોરીઆ : અહીના યુગલો દરેક મહિના ની ૧૪ મી તારીખે વેલેન્ટાઈન ડે તરીકે ઉજવે છે. જેમ કે ૧૪ મે ના રોજ રોઝ ડે, ૧૪ જુન ના રોજ કિસ ડે, ૧૪ ડીસેમ્બરના રોજ હગ ડે ઉજવે છે.

ફિલિપાઈન્સ : આ દેશના યુગલો આજ રોજ જાહેર સેવા ના ભાગ રૂપે સરકાર દ્વારા અયોજીત કાર્યક્રમમાં લગ્ન કરીને વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરે છે.

ઘાના : આ દેશ ૧૪ ફેબુઆરીના દિવસને ચોકલટ ડે તરીકે ઉજવે છે. ઘાના દેશ વિશ્વમાં સૌથી મોટા કોકો ઉત્પાદક દેશ માં શામેલ છે.

બલ્ગેરિયા : બલ્ગેરિયા વેલેન્ટાઈન દિવસને વાઈન મેકર્સ દિવસ તરીકે ઉજવે છે. આ દિવસે યુવાનો અને વૃધ્ધો વાઈનના ગ્લાસથી પ્રેમથી ઉજવણી કરે છે.

ડેન્માર્ક : ડેન્માર્કમાં વેલેન્ટાઈન ડે ગુલાબ અને ચોકલેટથી મર્યાદીત નથી. અહિંયા મિત્રો અને પ્રેમીઓ પ્રેસડ સફેદ ફૂલોની મદદથી હાથથી બનાવેલા કાર્ડ્સની આપ-લે કરે છે, જેને સ્નોડ્રોપ કહેવામાં આવે છે.

**વેલેન્ટાઈન ડે વિશે થોડી જાણવા જેવી વાતો....**

- એક વેબસાઈટના સર્વે મુજબ વેલેન્ટાઈન ડેના દિવસે અપાતી સૌથી લોકપ્રિય ભેટ-સોગાદોમાં મિઠાઈ-ચોકલેટ ૪૪% , પત્રો ૩૩%, સુશોભિત પુષ્પો ૧૨ %, વાઈન ૧૪ % ઘરેણા ૧૦ %, પર્ફ્યૂમ ૮ % લોકો આપે છે.
- વેલેન્ટાઈન ડેના દિવસે યુ.એસ.માં ૧૮.૨ બિલિયન ડોલર અને યુ.કે.માં એક બિલિયન પાઉન્ડ જેટલો ખર્ચ કરવામાં આવતો હતો.
- દુનિયાભરના લોકો વેલેન્ટાઈન ડે નિમિતે પ્રેમી કે સ્વજનોને નહી પણ પાલતુ પ્રાણીઓ ને પણ ભેટ આપે છે.
- અમેરિકામાં ૧૫ % સ્ત્રીઓ પોતાને જ ફૂલો ભેટ આપી આ દિવસ ઉજવે છે.
- વેલેન્ટાઈન ડે ની આદર્શ ભેટ તરીકે ફૂલ ની જ કેમ પસંદગી થઈ તો તેની પાછળ એક ઈતિહાસ એવો છે કે ૧૮ મી સદીના સ્વીડનના રાજા ચાર્લ્સ બીજા દ્વારા રજુ કરાયેલ દરેક ફૂલોનો એક વિશિષ્ટ અર્થ હતો જેનાથી ફક્ત ફુલોનો ઉપયોગ કરીને આખી વાત-ચીત કરી શકાય. આમ ફુલોનો ઉપયોગ કરીને આખી વાત-ચીત કરી શકાય.

**અનુસંધાન પાના નં. ૭ પર**